પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-11-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

-------------------

Constitution Day Celebration

આજે રાજ્યભરમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગરનાં વિસ્ટા ગાર્ડન ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, મંત્રીઓ કુંવરજી બાવળિયા, રાઘવજી પટેલ અને અગ્રણીઓએ બંધારણ દિવસની ઉજવણી પર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આહવા ખાતે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરીને આહવામાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અનુસૂચિત જાતિ મોરચાના ઉપાધ્યક્ષ વસંત પરમારે જણાવ્યું હતું કે, ડો. બાબા સાહેબ આંબેડકરજનાં સંવિધાનથી લોકોને ગર્વભેર જીવન જીવવાનો અધિકાર મળ્યો છે.

અમારા રાજકોટ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડીવીઝનમાં બંધારણ દિવસની 75મી વર્ષગાંઠ નિમિત્તે રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વની કુમારે ડીઆરએમ ઓફિસ ખાતે મોટી સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓને પ્રસ્તાવના વાંચીને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા મજબૂત કરવાનો સંકલ્પ લીધો હતો.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, પાટણમાં ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો તેમજ અનુસૂચિત જાતિ, જનજાતિ, ઓબીસી અને મુસ્લિમ સમાજ દ્વારા બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને બંધારણના આમુખનુ વાંચન કરવામાં

આવ્યું અને ભારતનાં બંધારણની રક્ષા કરી તેને સુરક્ષિત રાખવા પ્રતિજ્ઞા લેવામાં આવી.

-------------------

Mukhyamantri Yuva Svavalambana Yojana

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં કુલ બે લાખ 39 હજાર વિદ્યાર્થીઓને એક હજાર 185 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળી રહે તે માટે ૧૦ હજારથી બે લાખ 20 હજાર રૂપિયા સુધીની સહાય લાભાર્થીઓના બેંક ખાતામાં DBTના માધ્યમથી આપવામાં છે.

આ યોજનામાં કૃષિ, આયુર્વેદ, ઉચ્ચ શિક્ષણ, મેડિકલ શિક્ષણ, નર્સિંગ, ટેકનીકલ ડીગ્રી, ડીપ્લોમાં તેમજ વેટરનરી પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

-------------------

POCSO

ગુજરાત પોલીસ દ્વારા પોકસો ગુનામાં પ્રશંસનીય કામગીરી કરવા બદલ મહિલા પોલીસ સહિત 1345 અધિકારી પોલીસ કર્મચારીઓને 12 લાખ 64 હજાર 630 રૂપિયાનું રોકડ રકમ આપી સન્માનિત કરાયા છે.

અમારાં ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે ગુજરાત પોલીસ બાળકો અને સગીર દીકરીઓની સુરક્ષાને વિશેષ પ્રાથમિકતા આપે છે. રાજ્યમાં બાળકો સામે ગુના આચરનારા લોકો સામે ઝડપી કડક કાર્યવાહી કરી ભોગ બનનાર પરિવારને જલ્દી ન્યાય મળે તે માટે ગુજરાત પોલીસ કાર્ય કરી રહી છે. છેલ્લા 3 વર્ષમાં પોકસો ગુના હેઠળ 609 આરોપીઓને સજા કરવામાં આવી છે.

--------------------

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

--------------------

SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર-અમદાવાદ રાજકોટ નેશનલ હાઇવે પર ચોટીલા આપા ગીગાના ઓટલા નજીક ગઈ મોડી રાત્રે પિક અપ વાન અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ચાર મહિલાનાં મૃત્યુ થયા છે. લીંબડીના શિયાણી ગામના એક જ પરિવારના ચાર સગા દેરાણી જેઠાણીનાં મૃત્યુથી ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. અકસ્માતમાં ઇજા પામેલાં 15થી વધુ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ પરિવાર પિતૃ તર્પણ કરવા સોમનાથ જતો હતો તે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો.

--------------------

MAHISAGAR - ACCIDENT

મહિસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે પાઇપલાઇનની કામગીરી કરતી વખતે એક શ્રમિકનું મૃત્યુ થયું હતું. શ્રમિક બાલાસિનોર તાલુકાનાં રૈયોલી ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. પાઇપ લાઇનનું કામ કરતા શ્રમિક પર ક્રેઇનનું ટાયર ફરી

વળતાં ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. બાલાસિનોર પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

-------------------

Heritage Week

યુનેસ્કો દ્વારા દર વર્ષે 19 થી 25 નવેમ્બર દરમિયાન વર્લ્ડ હેરિટેજ વીકની ઉજવણી કરાય છે. ચાંપાનેર ગુજરાતનું પ્રથમ અને ભારતનું 26 મુ હેરિટેજ સ્થળ છે.

અમારાં પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે છેલ્લા બે વર્ષમાં લાખોની સંખ્યામાં ભારતીય અને વિદેશી મુલાકાતીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી. પૃથ્વીરાજ ચૌહાણના વંશજો ચૌહાણ રાજપૂતોએ ચાંપાનેરને પાટનગર બનાવી તેના વિકાસ માટે બંધાયેલ સ્મારકો તથા મુસ્લિમ શાસક મહંમદ બેગડાએ બંધાવેલ મહેલો અને મસ્જિદોના સ્થાપત્યો સિવિલ એન્જિનિયરિંગનું અદભુત ઉદાહરણ છે.

-------------------

Somnath Trust - Mano divyang darshan

સોમનાથ ટ્રસ્ટે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં 80 જેટલા દિવ્યાંગ બાળકોના હસ્તે સોમનાથ મંદિર ખાતે ધ્વજા પુજા કરાવી હતી. જિલ્લામાં મનોદિવ્યાંગ બાળકોની સેવા કરતા સાંપ્રત ટ્રસ્ટ દ્વારા સોમનાથ ટ્રસ્ટનો સંપર્ક કરતા ટ્રસ્ટે આ તમામ મનોદિવ્યાંગ મહેમાનોને પ્રાથમિકતા આપીને તેમનું સ્વાગત કર્યું હતું. મનોદિવ્યાંગો માટે વિશેષ વ્યવસ્થા કરીને સોમનાથ મહાદેવના દર્શન કરાવવામાં આવ્યા હતા અને મહાપ્રસાદ સ્વરૂપે તેમને ભોજન કરાવવામાં આવ્યું હતું.

સાંપ્રત ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમારે સોમનાથ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

-------------------